ગાંધીનગર સમાચાર

સે-૨૧ ખાતે રાજયકક્ષાની સ્વીમીંગ કોમ્પિટીશન સંપન્ન

# ફતેપુરામાં ગટરો ઉભરાતા ગ્રામજનો પરેશાન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સમાવિષ્ઠ ગામ ફતેપુરામાં ગટરો ઉભરાતા ગંદાપાણીના ખાબોચીયા ભરાયા છે. ગટરોના પાણી માર્ગો પર ફરી વળતા માર્ગ પરથી પસાર થવુ પણ કઠીન બન્યું છે. ગામમાં ભર શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. તંત્ર દ્વારા ગટરના લેવલીંગ કામમાં ખામી હોવાથી આ પ્રકારની પરેશાની વેઠવી પડે છે તેવું ગ્રામજનો કરી રહ્યા છે. ત્યારે ગંદાપાણીના સરોવરને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભા થવા પામ્યો છે. ગટરોના ઉભરાતા ગંદા પાણીનો સત્વરે તંત્ર દ્વારા યોગ્ય ઉકેલ આવે તેમ ગામના રહીશો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ઠ ફતેપુરા ગામમાંપ્રાથમિક સુવિધાના નામે મીંડુ છે. લાઈટ, પાણી, ગટર, અને રસ્તા સહિતની જરૂરીયાત સામે નાગરીકોને કેટલીક જરુરીયાત તંત્ર દ્વારા પુરી કરવામાં આવી છે તો કેટલીક વર્ષો વિતી ગયા હોવા છતા અધુરી રહેવા પામી છે. ગામના માર્ગો પણ ઉબડ-ખાબડ છે તેમજ લાઈટો ગામમાં કયારે ચાલુ હોય છે તે તો ગ્રામજનો પણ કહી શકતા નથી. અત્યારે હાલની સ્થિતિ જોઈએ તો ગામના મકાનો પાસેથી પસાર થતી ગટરો ઉભરાવાની સમસ્યા સર્જાઈ છે. આ ગટરોના ગંદા પાણી ઘર પાસે ભરાઈ રહેતા ઘરમાં રહેતા નાગરીકોનું જીવન દોહ્યલુ બન્યું છે. ગટરોના પાણીના કારણે મચ્છરોનો ત્રાસ વધતા ગામના નાગરીકોને રાત ઉજાગરા કરવાની ફરજ પડી રહી છે. ત્યારે મચ્છરોને પગલે ગામમાં રોગચાળો વકરે તેવી દહેશત ઉભી થવા પામી છે. ગટરોના લેવલીંગના કારણે ગટરોના ઉભરાવાની સમસ્યા સર્જાય છે તેવું ગામલોકો કહી રહ્યા છે. ત્યારે ગંદાપાણીના ખાબોચીયાથી અતિશય દુર્ગંધ મારતા ત્યાં રહેવું પણ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. ભર શિયાળે ચોમાસા જેવી સ્થિતિ ફતેપુરામાં નિર્માણ પામતા નાગરીકો પણ હેરાન થઈ ગયા છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે યોગ્ય નિકાલ લાવવામાં આવે તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.



## @ગાંધીનગર

- બહુચર મંડળ દ્વારા કોકીલાબેન પ્રજાપતિ સે-૨સી પ્લોટ નં. ૧૦૨૩/૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- આનંદનગર સે-૨૭ પ્લોટ નં. ૨૦૫ ખાતે સાંજે ૫.૩૦ થી ૭ કલાક દરમિયાન દિવ્ય જીન સંઘ દ્વારા યોગાચાર્ય સ્વામી ધર્મનિષ્ઠાનંદજી મહારાજ દ્વારા સત્સંગ યોજાશે.
- હરિમંડળ વાવોલ દ્વારા સે-૪-બી પ્લોટ નં. ૪૬૨/૨ લક્ષ્મીબેનના નિવાસસ્થાને બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## વાતવાતમાં

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કેશલેસ સીસ્ટમ અંગે કર્મચારીઓને ડિઝીટલ ઈન્ડિયા અંતર્ગત ખાસ તાલીમ આપવામાં આવી હતી. અઢી કલાક સુધી આ તાલીમ ચાલવાને કારણે જિલ્લા પંચાયતના રોજીંદા કામો પર વિપરિત અસર પડી હતી.
- ગ્રામ પંચાયતોની ચુંટણીઓ જાહેર થઈ હોવાથી તેના સરપંચ માટેના ઉમેદવારો દ્વારા પોલીસ સ્ટેશનેથી એનઓસી મેળવવા ઉધામા કરાઈ રહ્યા છે. આ એનઓસીની અરજી માટે વિવિધ પુરાવા અને જરૂરી કાગળિયા પુરા કરવા ઉમેદવારો તથા તેમના ટેકેદારો દોડાદોડી કરતા નજરે ચઢી રહ્યાં છે.
- આગામી વાઈબ્રન્ટ સમિટના પગલે શહેરમાં બ્યુટિફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં રંગરોગાન ઉપરાંત વૃક્ષોનું ટ્રીમિંગ, વિવિધ સજાવટ ઉપરાંત આ વખતે તો નડતરરૂપ મોટા સર્કલોના પણ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યા છે.
- પેથાપુર નગરપાલિકા દ્વારા મંગળવારે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૧૫ જેટલા અરજદારોની વિવિધ અરજીઓ જેવી કે આવકના દાખલા, રેશનકાર્ડ, આધરકાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ સમાજકલ્યાણ, વૃધ્ધ નિરાધાર, મહેસુલ, પ્રોપર્ટીટેક્ષ, ગુમસ્તાધારા, જન્મ-મરણના દાખલા તથા જનધન યોજના સહિત વગેરે અંગે રજૂઆતોનો સમાવેશ કરાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના બંને ધારાસભ્યો સહિત જિલ્લા કલેકટર અને અન્ય અગ્રણી હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.
- શાહરૂખખાન અભિનિત ‘રઈશ’ ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ‘રઈશ’ ફિલ્મની પટકથા ગાંધીનગરના બે યુવા લેખકો આશિષ વશી તથા હરિત મહેતા દ્વારા લખવામાં આવી છે.

# સે-૨૧ ખાતે રાજયકક્ષાની સ્વીમીંગ કોમ્પિટીશન સંપન્ન

### ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ વયજુથમાં અલગ અલગ કેટેગરીમાં મળીને કુલ ૧૨૩૯ તરણવીરોએ ભાગ લીધો : ૪૮૯ વિજેતાઓને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સે-૨૧માં જીમખાનામાં સ્વીમીંગ પુલ ખાતે ચાલી રહેલ ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની તરણ સ્પર્ધા આજે પુરી થઈ હતી. આ સ્પર્ધામાં રાજયભરમાંથી કુલ ૧૨૩૯ તરણવીરોએ વિવિધ વયજુથમાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં કુલ ૪૮૯ વિજેતાઓને મેડલ્સથી સન્માનિત કરાયા હતા.

ખેલ મહાકુંભ અંતર્ગત સ્વીમીંગ કોમ્પિટીશનનો પ્રારંભ તા. ૩જી ડિસેમ્બરે થયો હતો જે આજે સંપન્ન થઈ હતી. સ્પર્ધામાં વિવિધ વય જુથમાં અલગ અલગ કેટેગરીમાં હરિફોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પુરુષ વિભાગમાં કુલ ૭૭૮ અને મહિલા વિભાગમાં કુલ ૪૬૧ મળીને ૧૨૯ હરિફોએ ભાગ લીધો હતો. સ્પર્ધા અન્ડર-૧૧, અન્ડર-૧૪, અન્ડર-૧૭, ઓપન, એબોવ-૪૦ અને એબોવ-૬૦ એમ ૬ વયજુથમાં ફ્રી સ્ટાઈલ, બેક સ્ટ્રોક, બ્રેસ્ટ સ્ટ્રોક, બટર ફલાય જેવી અલગ અલગ કેટેગરીમાં રમાડાઈ હતી. આજે સ્પર્ધાના અંતે વિજેતા ખેલાડીઓને રમતગમત, યુવા, સાંસ્કૃતિક વિભાગના સેકસન ઓફિસર બિપીનભાઈ જાદવના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.



# શ્રી ખાખરીયા છાસઠ પ્રજાપિત સમાજનો ૨૨મો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે આગામી તા.૧૧ ડિસેમ્બરને રવિવારના રોજ ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજનો ૨૨મો સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૧૧ ના રોજ સવારે ૮.૧૫ થી ૮.૪૫ કલાક દરમિયાન ગણેશ સ્થાપન અને મંડપ મૂહુર્ત, સવારે ૯.૧૫ કલાકે ગ્રહશાંતિ, હસ્ત મેળાપ સવારે ૧૨.૩૯ કલાકે, ભોજન સમારંભ સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ સુધી, સત્કાર સમારોહ બપોરે ૧.૧૫ થી ૨.૩૦ કલાક દરમિયાન તેમજ કન્યા વિદાય બપોરે ૩.૧૫ થી ૩.૩૦ કલાક દરમિયાન યોજાશે.આ લગ્નોત્સવમાં આમંત્રિત મહેમાનોમાં નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંભુજી ઠાકોર, આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી ડો. નિર્મલાબેન વાઘવાણી, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ દિનેશભાઈ અનાવાડિયા,ઔડાના અધ્યક્ષ નૈલેશભાઈ શાહ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વ ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભાજપ નૌકાબેન પ્રજાપતિ તથા ઓલ ઈન્ડીયા ટાઈલ્સ એન્ડ બ્રિકસ ફેડરેશનના ચેરમેન દેવેન્દ્રભાઈ પ્રજાપતિ સહિત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહેશે. તેમ સમાજના પ્રમુખ ભરતભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

# બેતાલીસ ગામ વણકર સમાજ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૭

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા ગોળ-પરગણાના બાધ વિના સમગ્ર વણકર સમાજ માટે પ્રથમવાર જીવનસાથી પસંદગી સંમેલન તા.૨૫-૧૨-૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧ દરમ્યાન આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. આ પસંદગી મેળાને અનુલક્ષી જરુરી ફોર્મ ભરવા વાલીઓએ તેમજ લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓએ સંસ્થાના પ્રમુખ બી.એન.રાઠોડ મો-૯૯૧૩૭૦૧૩૩૧, તેમજ મહામંત્રી ડો.એ.એસ.સોલંકી મો-૯૮૯૮૬૩૦૫૫૬ તથા સંસ્થાના ટ્રસ્ટીમંડળના સભ્યોનો સંપર્ક કરવા મહામંત્રી ડો.એ.એસ.સોલંકી એ અનુરોધ કર્યો છે.

# યુનાઈટેડ ચેરિટેબલે મોર્નિંગ વૉકર્સને સાચી વ્યાયામ પધ્ધતિ શીખવાડી

### સતત ચાર દિવસ સુધી દરરોજ સવારે ૫ થી ૬ દરમિયાન ચ-૦, સે-૧ ગાર્ડન, ઘ-૪ સ્વર્ણિમ પાર્ક તથા પુનિતવન ખાતે સેવા પુરી પાડી

ગાંધીનગર, તા.૭

શિયાળો આવ્યો એટલે સ્વાસ્થ્ય પ્રેમી શહેરીજનોની મોર્નિંગ વૉક તથા વ્યાયામ, યોગ વગેરેની પ્રવૃત્તિમાં વધારો થયેલો જોવા મળે છે. ગાંધીનગરમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત નાગરિકની સંખ્યા વધુ છે તેથી સ્વાભાવિક રીતે જ આ મૌસમમાં શહેરના જાહેર બગીચાઓ તથા મુખ્ય માર્ગોની ફુટપાથો વહેલી સવારે મોર્નિંગ જોગર્સથી છલકાઈ ઉઠે છે. આ મોર્નિંગ જોગર્સને શહેરની યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા વ્યાયામ તથા વૉકીંગની સાચી પધ્ધતિ શિખવાડવાની વિના મૂલ્યે સેવા આપવામાં આવી હતી.

શહેરમાં અત્યારે મોર્નિંગ વૉક પર ચાલવાનો ક્રેઝ સવાર થયેલો જોવા મળે છે. આમ તો દરરોજ સવારે નિયમિત મોર્નિંગ વૉક કરનારાની સંખ્યા સારી એવી છે જ પરંતુ આ મૌસમમાં તેમાં દેખાદેખીથી જોડાનારની સંખ્યા પણ ઉમેરાય છે. આવા મોર્નિંગ વૉકર્સને ચાલવાની સાચી પધ્ધતિ કે વ્યાયામની યોગ્ય રીતની ખબર ના હોવાથી શરીરને ફાયદો થવાને બદલે શારીરિક તકલીફો જેવી કે બેક પેઈન, ઘુંટણ કે સાંધાનો દુઃખાવો અથવા સ્નાયુ ખેંચાઈ જવા વગેરેનો ભોગ બનતા હોય છે. યુનાઈટેડ ચેરિટેબલ દ્વારા શહેરમાં તા. ૧લી ડિસેમ્બરથી તા. ૪થી ડિસેમ્બર દરમિયાન સવારે ૫ થી ૬ વાગ્યા દરમિયાન વિવિધ સ્થળે જયાં મોર્નીંગ જોગર્સની સંખ્યા વધુ રહેતી હોય છે તેમને સાચી વ્યાયામ પધ્ધતિ, વોકીંગની રીત તથા ફીટનેસ અંગેનું સચોટ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ માર્ગદર્શનમાં નિષ્ણાંત ફિઝિયોથેરેપિસ્ટ તબીબો દ્વારા શહેરીજનોને કેવી રીતે ચાલવું, કેવા સ્ટ્રેચીંગ્સ કરવા તથા સૂર્ય નમસ્કાર-યોગ-વ્યાયામની પધ્ધતિ વગેરે અંગે વિના મૂલ્યે સમજણ પુરી પાડવામાં આવી હતી. આ સેવા તેમણે ચ-૦ સર્કલ, ઘ-૪ સ્વર્ણિમ પાર્ક તથા સેન્ટ્રલ વિસ્ટા, સે-૧૯ પુનિતવન અને સે-૧ના તળાવ પાસેના બગીચા ખાતે આપી હતી. આ સેવા કાર્યમાં યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટી, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી તથા મહિલા મોર્નિંગ વોકર્સને માર્ગદર્શન કરવા ખાસ ડૉ. નયના ચૌધરી અને ડૉ. ધર્મિષ્ઠા પટેલ જોડાયા હતાં.






૬ઠ્ઠી ડિસેમ્બર નાગરિક સંરક્ષણ તથા હોમગાર્ડઝ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગર શહેર નાગરિક સંરક્ષણ દળ દ્વારા નાગરિક સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નિયામક નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદના આદેશ અનુસાર ગાંધીનગર યુનિટ દ્વારા જાહેર જનતાને નાગરિક સંરક્ષણની માહિતી મળી રહે તે માટે ગાંધીનગર શહેરના એસ.ટી. ડેપોમાં નાગરિક સંરક્ષણની જાણકારી આપતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ બેનર લગાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાગરિક સંરક્ષણ દળના ચીફ વોર્ડન અરૂણભાઈ બુચ, ડેપ્યુટી ચીફ વોર્ડન દિક્ષિતભાઈ પટેલ, ડિવીઝનલ વોર્ડન અંજનાબેન નિમાવત તથા નાગરિક સંરક્ષણ દળના વોર્ડને ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ દરજી તથા ડૉ. મહાવીર નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

# આદિવાડા શાળાના વિદ્યાર્થીઓની આંખોની ચકાસણી કરાઈ

### આઈ સ્પેશ્યાલીસ્ટ ડૉ. તેજલ દલાલ દ્વારા નિશુલ્ક સારવાર

ગાંધીનગર, તા.૭

સરકાર અને મહાનગરપાલિકાના સહકારથી શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત આદિવાડા પ્રાથમિક શાળાના બાળકોની આંખોની તપાસ ડૉ. તેજલ દલાલ દ્વારા કરવામાં આવી હતી. વોર્ડ નં-૧ ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલના સહયોગથી આયોજીત બે દિવસીય શાળાના બાળકોની આંખની ચકાસણી કાર્યક્રમમાં ૨૭૪ બાળકોએ લાભ લીધો હતો. આંખોમાં ખામીવાળા બાળકોને કલીનીક પર મશીન પર તપાસવામાં આવ્યા હતા. બાળકોને શાળાએથી કલીનીક પર લાવવા તેમજ મુકવા માટે જુસીકા દ્વારા ગાડીની સેવા પુરી પાડવામાં આવી હતી. બાળકોને જરુરી દવા તેમજ ટયુબ આપવામાં આવી હતી. જયારે આંખોમાં વધુ ખામીવાળા બાળકોને જુસીકા અને હર્ષાબા ધાંધલ (કોર્પોરેટર)ના સહયોગથી ઓપરેશન કરી આપવા માટે તારીખો આપેલ છે. આ કાર્યક્રમ બદલ આદિવાડા ગામના રહીશો તેમજ શાળા પરિવારે મહાનગર પાલિકા તંત્ર, હર્ષાબા ધાંધલ અને ડોકટર તેજલબેન દલાલની સેવાને બિરદાવીને આભાર વ્યકત કર્યો હતો.

# આર.એન. પ્રાઈમરી સ્કૂલમાં એઈડઝ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૭

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ઉપક્રમે ૧ ડિસેમ્બર ૨૦૧૬ એઈડઝ દિન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં એઈડઝ જે અસાધ્ય રોગ છે તેના વિશેની માહિતી શાળાના વિજ્ઞાન શિક્ષિકા ભાવનાબેન પૂનમચંદ સ્વામીએ ઓડિયો વિડિયો કિલ્પ્સ દ્વારા ધોરણ-૮ના વિદ્યાર્થીઓને આપી હતી. જેમાં એઈડઝના લક્ષણો જેવા કે ચાર અઠવાડિયા સુધી શરીરમાં થાક કે કળતર જોવા મળે. તેટલા કે વધુ સમયથી તાવ પણ રહે, લોહીના ઝાડા થવા લાગે, ભૂખ મરી જાય અને વજનમાં ઘટાડો નોંધાય તે માહિતી આપી હતી. ઉપરાંત એઈડઝનો ફેલાવો કરતા પરિબળો જેમ કે એઈડઝના રોગી સાથેના સજાતીય કે વિજાતીય સમાગમથી રુધિરાધાન દ્વારા, રુધિરમાંથી બનતા પદાર્થો લેવાતી અંગ પ્રત્યારોપણ મારફતે, નશાકારક પદાર્થો દ્વારા, નસ દ્વારા લેવાતી દવાઓ માટે વપરાતી ઈન્જેકશનની સિરીંજ દ્વારા આ રોગનો ફેલાવો થાય છે. ઉપરાંત રોગી હોય તેવી માતાના ગર્ભસ્થ બાળકને તથા સ્તનપાન દ્વારા બાળકને ચેપ લાગી શકે છે. વગેરે જેવા પરિબળોથી માહિતગાર કર્યા. આ અંગે ચામડીના સ્પર્શ દ્વારા દર્દીના વાસણ-કપડા દ્વારા આ રોગ ફેલાતો નથી તે પણ સમજાવ્યું હતું.

એઈડઝના નિદાન માટેની એલીઝા ટેસ્ટ અને વેસ્ટર્ન બ્લોટ ટેસ્ટની પણ માહિતી આપવામાં આવી હતી. આ મહાવિનાશક તથા જીવલેણ રોગ એઈડઝને કઈ રીતે અટકાવી શકાય તેવા ઉપાયો પણ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા.

# સુખ-સુવિધા અને અધ્યાત્મનું સંતુલન એટલે સફળ જીવન

### બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્વામીનારાયણ ધામ ખાતે મૂર્તિ સ્વામીનું માર્ગદર્શન

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશનનાં (બીબીઍ) કૉલેજનાં ૧૧૩ વિદ્યાર્થીઓ માટે સ્વામીનારાયણ ધામ ખાતે એકદિવસીય ધ્યાન માર્ગદર્શક શિબિર યોજાઈ હતી. વિદ્યાર્થીઓ જયારે મંદિર પરિસરમાં પહોચ્યા ત્યારે હરિભક્ત વિદ્યાર્થીઓ દ્વારા તમામનું ભારતીય સંસ્કૃતિ મુજબ ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ધર્મ તેમજ ભારતીય સંસ્કૃતિને સમજે તેમજ તેના થકી પોતાના જીવનનું યોગ્ય ઘડતર કરે તેવા હેતુથી કોલેજ દ્વારા યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને સમગ્ર મુલાકાત દરમ્યાન સ્વામીનારાયણ સંપ્રદાય તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓની માહિતી આપવામાં આવી હતી. ધાર્મિક, સામાજિક તેમજ સ્વાસ્થ્ય અને શૈક્ષણિક બાબતોમાં ચાલી રહેલ કાર્યનો આછેરો ખ્યાલ તેમને આપવામાં આવ્યો હતો. તેમજ સંત મૂર્તિ સ્વામી દ્વારા વિદ્યાર્થીઓને યુવાનીમાં સમાજ, રાષ્ટ્ર તેમજ પરિવાર માટે એક વ્યક્તિ તરીકેની ફરજોનું માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓને આધ્યાત્મિક જીવન તેમજ ભૌતિક સુખ સુવિધાઓ સાથેના સંસારિક જીવન વચ્ચે તાદાત્મ્ય કેળવવા માટે જણાવ્યું હતું. તેમણે વ્યક્તિના જીવનમાં અનેક ગણું ભૌતિક સાધન સંપન્નતા હશે તો પણ તેના જીવનમાં શાંતિ અને માનસિક વિકાસ માટે આધ્યાત્મિકતા જરૂરી હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ અહીં પ્રદર્શન નિહાળ્યું હતું. જેમાં વિજ્ઞાન તેમજ મેનેજમેન્ટનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે છે તે પણ વિદ્યાર્થીઓને શીખવા મળ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે સંસ્થાના મેદાનમાં રમત-ગમત નું આયોજન પણ થયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર મુલાકાતને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. આશિષ ભુવા તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.



# ચિલોડા સર્કલથી દારૂ-બિયર ભરેલા થેલા સાથે ખેપિયો ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ ખાતેથી એક ખેપિયાને દારૂ-બિયર ભરેલા થેલા સાથે ચિલોડા પોલીસે પકડી પાડયો હતો. ૩૦ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૧૨ નંગ બિયરના ટીનના જથ્થા સાથે સરદારનગરના ખેપિયાની ધરપકડ કરી લઈ ચિલોડા પોલીસે ઉંડી પુછપરછ શરુ કરી છે.

ચિલોડા સર્કલ પાસે આજે બપોરના અરસામાં ચિલોડા પોલીસની ટીમ ચેકીગમાં હતી તે દરમિયાન એક શંકાસ્પદ યુવાન થેલો લઈને સર્કલ પાસેથી પસાર થતો જોવા મળ્યો હતો. તે શખ્સ પર શંકા જતા પોલીસે તેને ઉભો રખાવી થેલો તપાસ કરતા અંદરથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. અમદાવાદ સરદારનગર વિસ્તારના જયદિપ નવનીત ઈન્દ્રેકર નામના ખેપિયાની ધરપકડ કરી લઈ પોલીસે ૩૦ કવાર્ટર બોટલ વિદેશી દારૂ તથા ૧૨ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૫૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખેપિયો કયાંથી માલ લાવ્યો હતો અને કયાં પહોંચાડવાનો હતો તે સહીતની પુછપરછ હાથ ધરવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. રમણલાલ મગનલાલ પરમાર, ઉ.વ. ૭૪
- સ્વ. મોતીજી કેશાજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. હિરાબેન મુળજીભાઈ પરમાર, ઉ.વ. ૬૮